આંક–૧ નીચે હુકમ ક્રિ.કે. નં.૧૪૬૪૫૩/૨૦૨૧

(૧) આ કામમાં પોલીસ સ્ટેશન દ્વારા આરોપી વિરૂદ્ધ જી.પી. એક્ટની કલમ–૨૮૩ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેઓને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપી સ્વૈચ્છીક રીતે ગુન્હો કબુલ કરવા માંગતા હોઈ તેઓ દ્વારા ગુન્હા કબુલાત પુરસીસ આંક–૨ થી રજુ કરેલ છે અને ત્યાર બાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુન્હા માટે પ્લી/નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળ્યા, આરોપીએ આ તેમનો પ્રથમ ગુન્હો છે. તેમ જણાવેલ છે અને ગુન્હા બદલ પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુન્હો ફરીથી નહીં કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવેલ છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકતો તથા સંજોગોને તથા આરોપી વિરૂદ્ધના ગુન્હા અંગે થઈ શકતી સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂં છું.

## – ૦ હુકમ ૦ –

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ હોઠળ ઈ.પી.કો.ની કલમ– ૨૮૩ મુજબના ગન્હાના કામે તકસીરવાન ઠરાવી રૂા.૨૦૦/–(અંકે રૂપિયા બસો પુરા) નો દંડ કરવામાં આવે છે, જો દંડ ના ભરે તો આરોપીને ૦૧ દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હાલના કામે કબજે લીધેલ મુદ્દામાલ વાહન અંગે અગાઉ જો અત્રેની કોર્ટે વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવો અન્યથા વાહનની માલિકી અંગેની જે તે ત.ક.અ.શ્રીએ ખરાઈ કરી માલિકને પરત સોંપવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ

તારીખઃ–૧૧/૧૨/૨૦૨૧

(કુ. એ.એચ.મુન્દ્રા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪, અમદાવાદ
જી.જે. ૦૧૦૧૦